આ સંસારમાં ઉદ્યમ સિવાય કોઇ મિત્ર નથી અને આળશ સિવાય કોઇ શત્રુ નથી
- પંચતંત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૮ | ૧૯ મે, ૨૦૧૩, રવિવાર; વૈશાખ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**જોઈએ છે**

ઘરની સાર-સંભાળ રાખી શકે અને રસોઈ પણ બનાવી શકે તેવા મહિલાની જરૂર છે. ઓછામાં ઓછા આઠ કલાક રહેવાનું રહેશે. આકર્ષક પગાર અપાશે

**શુંભાગીબેન યાદવ**
પ્રમુખ રેસીડેન્સી
રાંદેસણ રોડ, સીટી પલ્સ પાસે
મો. : ૯૩૭૭૪૪૨૧૧૩
મો. : ૯૮૨૫૦૮૨૦૮૦

# ગાંધીનગરમાં મોસમની વિક્રમ ગરમી

**જોઈએ છે**

**ફીમેલ ગાયનેકોલોજીસ્ટ**

ગાંધીનગરમાં શેખાત મેટરનીટી હૉમ - હોસ્પિટલ માટે ડી.જી.ઓ. અથવા એમ.ડી. પગારથી અથવા પાર્ટનરશીપથી જરૂર છે.

**તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી**
**ફોન નં. : ૯૮૨૫૧ ૯૪૩૩૩**

## ગરમીનો પારો ૧ ડિગ્રી ઉંચકાયો : શહેરનું જનજીવન હીટવેવથી પ્રભાવિત

ગાંધીનગર, તા. ૧૮

તોબા...આ... ગરમી... આ વર્ષે ઉનાળો અત્યંત આકરો પુરવાર થયો છે. ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરનું જનજીવન આક્રમક ગરમીની અસરથી મુંઝાઈ ગયું છે. દિવસ દરમિયાન આકાશમાંથી વરસતી અગનજ્વાળ વચ્ચે હરિયાળા વૃક્ષોની છાંય અને ગુલમહોર, ગરમાળાના ફૂલોની રોનક પણ હવે ફિક્કી લાગે છે. ચામડીને દાહ આપતી ગરમીએ નગરજનોને બાનમાં લીધા છે. આજે પણ ગરમીનો પારો ૧ ડિગ્રી ઉંચો આવતા મહત્તમ તાપમાન ૪૩.૪ ડિગ્રી નોંધાયું હતું. સીઝનની રેકોર્ડબ્રેક ગરમીથી શહેરનું જનજીવન વિશેષરૂપે પ્રભાવિત થયું હતું.

**૪૩.૪ ડિગ્રી**

ગાંધીનગરમાં વૃક્ષોની વનરાજી વચ્ચે નભમાંથી નિતરતો વૈશાખી તાપ તનને દાહ આપી રહ્યો છે. ભૌતિકવાદીઓ આધુનિક ઉપકરણોના સહારે પોતાના રૂમનું તાપમાન ઈચ્છા મુજબ વાતાનુકુલિત કરી દે છે, પરંતુ ગરમીના પારાએ દોટ લગાવતા પેટનો ખાડો પુરવા દોડતા શ્રણિકોએ ગરમી પ્રકોપને સાંખી લેવાની વૃત્તિ કેળવવી પડે છે. પ્રારંભિક તબક્કે મીઠા લાગતા ગરમીના દિવસો હવે તાપમાનની તીવ્રતા સાથે આકરા બન્યા છે. ૪૦ ડીગ્રીથી લઈ હવે ગરમીએ જાણે હદ વટાવતા મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી નજીક પહોંચી ગયું છે. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ સ્થિર જોવા મળ્યો હતો. નગરજનો ગરમીનું જોર હળવુ થાય તેની વાટમાં હતા. ત્યારે

● અનુસંધાન પાન-૭ પર







